અપીલ અરજી નં.૩૪૯ તા.૨૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) અમારી અલગ અલગ તારીખથી કરાયેલી ૧૧ (અગિયાર) અરજીઓ અંગે થયેલી કાર્યવાહીની માહિતી તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો તથા કાર્યવાહી ન કરનાર જે તે અગિયાર અલગ અરજીના અલગ જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી મુદ્દા નં. (૨) તથા આ અગિયાર અરજીઓના પ્રત્યુત્તર આપેલ જેની જવાબદારી બનતી હોય તો તેવા દા.ત. ઝો.ચીફ, કા.પા.ઈ., ડે.ઈજનેર, આસી. ઈજનેર, જુ. ઈજનેર વગેરેમાં આ અરજી અંગે અરજદારને પ્રત્યુત્તર પાઠવવાની જેની જવાબદારી બનતી હોય તેવા અલગ અલગ અરજીઓને લગતા જે તે અલગ અલગ અગિયાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૯/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) અમારી અલગ અલગ તારીખથી કરાયેલી ૧૧ (અગિયાર) અરજીઓ અંગે થયેલી કાર્યવાહીની માહિતી તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો તથા કાર્યવાહી ન કરનાર જે તે અગિયાર અલગ અરજીના અલગ જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી. (૨) તથા આ અગિયાર અરજીઓના પ્રત્યુત્તર આપેલ જેની જવાબદારી બનતી હોય તો તેવા દા.ત. ઝો.ચીફ, કા.પા.ઈ., ડે.ઈજનેર, આસી. ઈજનેર, જુ. ઈજનેર વગેરેમાં આ અરજી અંગે અરજદારને પ્રત્યુત્તર પાઠવવાની જેની જવાબદારી બનતી હોય તેવા અલગ અલગ અરજીઓને લગતા જે તે અલગ અલગ અગિયાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૪૬૫ તા.૧૮–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે અરજીમાં નિર્દિષ્ટ અરજીઓની નકલ સહ તે અંગે થયેલ–ન થયેલ કાર્યવાહીની નકલ સહ વિગતો મોકલવા તથા વધુમાં અરજદારે તેમના સંદર્ભ પત્ર અન્વયે સંપર્ક કરી માહિતી મેળવવા કરેલ પ્રયત્ન તથા તે અંગે થયેલ કાર્યવાહીની વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૨૨ તા.૪–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને ૧૧ અરજીઓની વિગત મુળ અરજીમાં જણાવેલ ન હોઈ તેની નકલો રજુ કરવા તેમજ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૪૬૫ તા.૧૮–૧૦–૧૧મુજબ અમલવારી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારને તા.૧૮–૧૦–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૧–૧૧ ના પત્રની નકલ, તા.૧–૧૧–૧૧ ના રોજ ઈન્સ્પેકશન માટે અગાઉથી જાણ કરવા સંદર્ભે જાહેર માહિતી અધિકારીને પાઠવેલ પત્રની નકલ, તા.૧૪–૫–૧૦ ના રોજ પ્રમુખપાર્ક ઘનશ્યામ કોમ્પ, પાંડેસરા સ્થિત ટેન્ડરોના તથા બોરીંગના કારણે રોડને વ્યાપક નુકશાન થવાથી તે રોડ તાત્કાલીક બનાવવા કરેલ અરજીની નકલ, તા.૧૭–૫–૧૦ ના રોજ રોડ બનાવવા રોડ તોડનાર સામે કાર્યવાહી ગેરકાયદેથી પાઈપલાઈન ધ્વારા પાણી સપ્લાયરો તથા ગેરકાયદેથી થયેલ બાંધકામ બાબત કરેલ અરજીની નકલ, તા.૨૧–૨–૧૧ ના રોજ ઉધના વિસ્તારના જીવન જયોત સીનેમા સામે આવેલ યશ શોપીંગ સેન્ટર અને શ્રીનાથ કોમ્પ.ના ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈનની તથા એલીવેશનમાં કરેલ ફેરફારની કાયદેસરતા જોઈ તપાસી કાર્યવાહી કરવા બાબતે કરેલ અરજીની નકલ, તા.૪–૫–૧૧ ના રોજ જીવન જયોત સીનેમા સામે યશ શોપીંગ સેન્ટર શ્રીનાથ કોમ્પ. તથા નાથુભાઈ ટાવરના પાણી તથા ગટરના જોડાણો ની તપાસ કરવા બાબત કરેલ અરજીની નકલ, તા.૨૭–૬–૧૧ થી ધરતી નમકીન અને મનભાવન સ્વીટની પાણી તથા ડ્રેનેજ લાઈનો અંગે તપાસ કરી આગળની કાર્યવાહી કરવા બાબતે લખેલ પત્રની નકલ, તા.૨૨–૭–૧૧ થી ક્રાંતિધર્મ અખબારમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અનુસંધાને કરેલ કાર્યવાહી બાબતે જવાબ માંગતી અરજીની નકલ, તા.૨૮–૭–૧૧ થી જાહેર હિતને ધ્યાનમાં લઈ શાળામાં બિલ્ડીંગ ઉપરથી મોબાઈલ ટાવર દુર

કરવા બાબત કરેલ અરજીની નકલ, તા.૨૮–૭–૧૧ થી (૧) હરીટેક્ષ સીલ્ક ઈન્ડ. (૨) સરલા નેરો ફેબ્રીકસ (૩) આસ્થા ઓટોમોબાઈલ પેટ્રોલપંપ સદર સંસ્થાઓ ધ્વારા કામદારોને ધારા મુજબના હક હિસ્સાઓ ચૂકવાયા નથી તે અંગે મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રીને કરેલ અરજીની નકલ, તા.૧૦–૮–૧૧ તથા તા.૨૦–૮–૧૧ થી ક્રાંતિધર્મ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અનુસંધાને થયેલ કાર્યવાહીની વિગત માંગતી અરજીની નકલ, તા.૫–૯–૧૧ થી ગુમાસ્તા ઈન્સ્પેકટરોનું સીટીઝન ચાર્ટર તપાસ કરી કાર્યવાહી કરવા કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે ૧૧ અરજીઓ માંગેલ સંપૂર્ણ માહિતી આરટીઆઈ એકટ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા અને જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી આપવાનું જણાવી તા.૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૫ તા.૧૮–૧૦–૧૧ થી " માંગેલ માહિતીના સંદર્ભે રેકર્ડ ચકાસણી અર્થે આરટીઆઈના નિયમોનુસાર પ્રથમ અડધા કલાક માટે ફી ઈન્સ્પેકશન તથા ત્યાર બાદ પ્રત્યેક અડધો કલાક દીઠ રૂા.૨૦/– ચાર્જ પેટે ભરવાના રહેશે તથા આ માટેના ઉધનાઝોનના સંબધિત ખાતાનો અગાઉથી સંપર્ક કરવા અરજદારને જણાવેલ છે. જે બાબતે અરજદારે તા. ૧–૧૧–૧૧ ના પત્રથી માહિતી સંદર્ભ રેકર્ડ ચકાસણી અર્થે આરટીઆઈના નિયમોનુસાર ઈન્સ્પેકશન માટેનો સમય ફાળવી અમોને અગાઉથી જાણ કરવા વિનંતી. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં કરેલા પ્રસ્તાવના અનુસંધાને અરજદારે સમય ફાળવવા તા.૧–૧૧–૧૧ થી રજૂઆત કરવા છતાં તપાસણી પૂરી પાડેલ ન હોઈ મુળ અરજીથી માંગેલ માહિતીના પરિપ્રેક્ષ્યમાં સમાવિષ્ટ તમામ બાબતો માટે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ ની અવધિમાં અરજદારને તપાસણી પૂરી પાડી માંગે તે નકલો ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા તથા થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશનર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) જાણ તથા અમલ માટે....
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ